PG CL **પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ** PG CL

## <u>ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર</u>

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા–૦૧/૧૭–૧૮/ ૪૭૬૯ તા. 05/05/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
વિનોદભાઈ બી. પાનસુરીયા,
C/O, (પુત્ર) શ્રી ભગવાનજીભાઈ હંસરાજભાઈ પાનસુરીયા,
<u>કૃષ્ણનગર શેરી નં.–૩,</u>
<u>મહાકાળી કૃપા સામે,</u>
<u>જામનગર–૩૬૧૦૦૬</u>
મો: ૯૪૨૭૪ ૨૧૭૦૪, ૯૯૦૯૦ ૧૪૫૧૭,

**વિષય :–નડતરરૂપ મેન્ટેનન્સ કરાવવા બાબત**
<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૦૭–૦૪–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૪/ક્વા–૦૧/૧૭–૧૮ )</u>

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 3.)

<u>નકલ રવાના :</u>
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામજોધપુર
(૩) <u>નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, [illegible]</u>

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

[No. 04 [A]]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૧૪/ક્વા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૩૧–૦૫–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: વિનોદભાઈ બી. પાનસુરીયા, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી વિનોદભાઈ બી. પાનસુરીયા હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, સમાના (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામજોધપુર)**

**રજુઆત કરનાર :એસ.એમ.ખીરોસરીયા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, જામજોધપુર)**

---

## : હુકમ :

---

**ફરીયાદ : નડતરરૂપ મેન્ટેનન્સ કરાવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ની તેમના ગામ : માધુપુર ખાતે આવેલ જમીન સર્વે નંબર : ૭૪૪ પૈકી ૨ ના શેઢા તેમજ ગાડા રસ્તા પર અગાઉ – તેમના પડોશી ને વીજજોડાણ આપવા માટે – પીજીવીસીએલ તરફથી આશરે ૦૩ વર્ષ પહેલા, નવી વીજલાઈન ના કુલ ૦૩ થાંભલાઓ ઉભા કરાયેલ છે. આ સમયે, ઉભી થનાર વીજલાઈન ના થાંભલાઓ – જે ખાનગી જમીન તેમજ જાહેર રસ્તાને નડતરરૂપ હોય તે મુજબ ઉભા કરાયેલ છે. આ થાંભલાઓ ઉભા કરતા પહેલા, ફરીયાદી અરજદાર શ્રી એ અગાઉ પીજીવીસીએલ ની સબંધક કચેરીઓમા (૧) તા.૨૧–૦૫–૧૬ (૨) તા.૧૮–૧૦–૧૬ અને તા.૦૮–૦૨–૧૭ ના રોજ લેખીત અરજીઓ આપેલ હતી. તેમ છતા, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ની આ વાંધા અરજીઓ અનદેખી કરી અને, સદર વીજલાઈન કોન્ટ્રાકટર મારફત ઉભી કરાયેલ છે. ઉભી કરાયેલ આ વીજલાઈન ના કુલ ૦૩ થાંભલાઓ માહેના ૦૧ થાંભલો તેમના ઘરના દરવાજા ની બરાબર વચ્ચે ઉભો થયેલ છે. તેમજ, એક થાંભલાની ધાય વાયર પણ રસ્તા ની બીલકુલ વચ્ચે જ નાખવામા આવેલ છે. '' ફરીયાદી અરજદારે સદર ઉભા કરાયેલ થાંભલાઓ તેમજ ધાય વાયર નો કલર ફોટોગ્રાફ ફોરમ સમક્ષ રજુ કરી અને જણાવેલ છે કે, ખરેખર સદર થાંભલાઓ / ધાય વાયર કેટલા નડતરરૂપ છે? તેમજ '' યોગ્ય અને તાંત્રીક રીતે અનુકુળ એવી જગ્યાએ થાંભલાઓ તેજમ ધાય વાયર લગાડવાની બાબત ની પુરી શકયતાઓ હોવા છતા, પીજીવીસીએલ તરફથી મનમાની રીતે આ મુજબ ની તાંત્રીક યોગ્યતા વાળી જગ્યા પર વીજલાઈન ઉભી કરાયેલ નથી. તેમ છતા, તેઓ શ્રી ની આગવી વાંધા અરજીઓ ના આધાર પર, પીજીવીસીએલ દ્વારા કરાયેલ બેદરકારીયુક્ત ભુલ સુધારણા ના ભાગરૂપ સદર વીજલાઈન ના થાંભલાઓ ખસેડવામા આવેલ નથી. ઉલટા નુ, વીજલાઈન ખસેડવા બાબતે નુ, અરજદાર શ્રી ને રૂ.૫,૩૧૮/– ના ખર્ચ નુ ભાવપત્રક આપેલ છે. પીજીવીસીએલ ની આ મુજબ ની બેદરકારીયુકત કાર્યવાહી, અને કોન્ટ્રાકટર ની ભુલ છાવરી, અને બીન તાંત્રીક રીતે આડેધડ ઉભી કરાયેલ વીજલાઈન ને, પીજીવીસીએલ દ્વારા જ તાંત્રીક રીતે યોગ્ય સ્થિતી મા ન મુકતા, અરજદાર શ્રી ની ખાનગી જમીન તેમજ જાહેર રસ્તાને નડતરરૂપ રાખવાની, પીજીવીસીએલ ની આવી કાર્યવાહી થી ઘેરો અસંતોષ રહેતા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી વિનોદભાઈ બી. પાનસુરીયા ની તેમના ગામ : માધુપુર ખાતે આવેલ જમીન સર્વે નંબર : ૭૪૪ પૈકી ૨ ની જમીન ના પડોશી શ્રી ને નવુ ખેતીવાડી વીજજોડાણ આપવા માટે, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી નજીક ની ઓવરહેડ લાઈન ના થાંભલે થી, તાંત્રીક રીતે અનુકુળ અને સીધીલીટી મા આવે તે મુજબ ની, તાંત્રીક શકયતાઓ સાથે ની તમામ બાબતો, નજરસમક્ષ રાખીને – સદર વીજલાઈન ના થાંભલાઓ તેમજ ધાય વાયર લગાડવાની કામગીરી સંપન્ન થયેલ છે. આ કામગીરી, પૂર્ણ થયા બાદ જ, અરજદાર શ્રી એ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા વાંધા અરજીઓ આપેલ હતી. એટલેકે, કામગીરી ચાલુ કરતા પહેલા વાંધા અરજીઓ કચેરી મા રજુ કરેલ નથી. |

| | |
|---|---|
| **૨.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની ફરીયાદી અરજદાર શ્રી ની વીધા અરજીઓના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ને '' ખાસ કરીને જે થાંભલા / ધાય સામે વાંધો છે, તે થાંભલા / ધાય ખસેડવા સબબ ના ખર્ચ ની રકમ રૂ.૫,૩૧૮/- નુ ભાવપત્રક અરજદાર શ્રી ને તા.૧૫-૦૩-૧૭ ના રોજ અપાયેલ હતુ. પરંતુ, સદર ભાવપત્રક ની રકમ, નિયત સમયમર્યાદા તા.૦૩-૦૪-૧૭ સુધી મા, પીજીવીસીએલ મા અરજદાર શ્રી દ્વારા ભરપાઈ ન કરતા, સદર ભાવપત્રક રદબાતલ કરાયેલ છે. અને ભાવપત્રક રદબાતલ થયા તા.૦૩-૦૪-૧૭ પછી, ૦૪ દિવસ બાદ એટલેકે તા.૦૭-૦૪-૧૭ ના રોજ, અરજદાર શ્રી એ ફોરમ સમક્ષ સવાલવાળી ફરીયાદી નોધાવેલ છે. |
| **૨.૩** | તેમ છતા, ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, ફરી એક વખત તેઓ શ્રી ની ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી ના અનુસંધાને જ, '' ફરીયાદી અરજદાર શ્રી ને સાથે રાખીને, ઉભા કરાયેલ થાંભલાઓ તેમજ ધાય વાયર ના સ્થળ ની ચકાસણી કરીને – જે થાંભલો તેમજ ધાય વાયર અરજદાર શ્રીને ખરેખર નડતરરૂપ જણાય તે બાબત, સ્પષ્ટ થશે તો – અગાઉ ઉભી કરાયેલ વીજલાઈન નો નકશો – ફોટોગ્રાફ – તેમજ ખરેખર નડતરરૂપ વીજથાંભલા અને ધાય વાયર નો – ખરેખર તાંત્રીક રીતે યોગ્ય જગ્યાએ ખસેડી શકાય તે મુજબ ની જગ્યા દર્શાવતો રીવાઈઝ નકશો– જે સ્થળ પર વાસ્તવિક રીતે ઉપસ્થિત રહી અને અરજદાર ની સહી સાથે ના કાર્યવાહીજનક દસ્તાવેજીક પેપર્સ સાથે ના રોજકામ '' હાથ ધરવામા આવશે, અને તે અન્વયે, સકારાત્મ અભિગમ સાથે, '' અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ '' ખરેખર નડતા થાંભલા / ધાય વાયર ને તાંત્રીક રીતે યોગ્ય શકયતા વાળી જગ્યા પર ખસેડવા સબબ નુ, અરજદાર શ્રી ને નવેસર થી ભાવપત્રક આપવામા આવશે. જેની રકમ ભરપાઈ થયેથી, ખરેખર નડતરરૂપ થાંભલો / ધાય વાયર ખસેડી અને અરજદાર ની ફરીયાદ નુ , અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | સદર કેઈસ મા, નજીક ની ઓવર હેડલાઈન ના થાંભલે થી, અગાઉ ઉભી કરાયેલ વીજલાઈનનો નકશો / સ્થળ ને સાથે રાખીને ફોટોગ્રાફ, તેમજ વાંધા વાળો થાંભલો / ધાય વાયર, જે નડતરરૂપ ને આવરી લેતો રીવાઈઝ નકશો, વગેરે સાથે નુ, ફરીયાદી અરજદાર શ્રી ની સહી સાથે નુ કાયદેસર નુ સ્થળ રોજકામ,પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ નથી. આમ, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ અહેવાલ, અપુરતો અને ત્રુટક જનક વિગતો વાળો છે. |
| **૩.૨** | જ્યારે, ફરીયાદી પક્ષકાર તરફથી, '' અગાઉ ઉભી કરાયેલ વીજલાઈન નો ખરેખર નડતરરૂપ થાંભલો અને ધાય વાયર જે નડતરરૂપ જગ્યા ને આવરી લેતા કલર ફોટોગ્રાફસ '', ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. જે – અભ્યાસે લેતા, ખરેખર ચોકક્સ થાંભલો, ફરીયાદી અરજદાર શ્રી ના દરવાજા ની બીલકુલ વચ્ચે અને જાહેર રસ્તાની બીલકુલ વચ્ચે જ ઉભો થવાની બાબત સ્પષ્ટ થયેલ છે. તદ ઉપરાંત, લગાડવામા આવેલ ધાય વાયર પણ રસ્તાની બીલકુલ વચ્ચે જ છે, તે બાબત પણ સ્પષ્ટ થયેલ છે. |
| **૩.૩** | જેથી, ફરીયાદી અરજદાર શ્રી નો સદર કેઈસ, પીજીવીસીએલ કક્ષાએથી જ, ન્યાયિક અને વ્યાજબી કારણોસર મુલવવા માટેની બાબત, પીજીવીસીએલ માટે ફરી એક વખત જરૂરી છે. જેથી, પીજીવીસીએલ પક્ષકાર ને ફોરમ કમિટી તરફથી, ફરી એક વખત નીચેના મુદદે આદેશ પાઠવવામા આવે છે. |
| **૩.૪** | જેથી, ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, ફરી એક વખત, '' ફરીયાદી અરજદાર શ્રી ને સાથે રાખીને – સ્થળ પર હાલ ના તબક્કે ઉભા કરાયેલ થાંભલાઓ તેમજ ધાય વાયર ના સ્થળ ની વાસ્તવિક રીતે ફેર ચકાસણી કરીને – જે થાંભલો તેમજ ધાય વાયર અરજદાર શ્રી ને ખરેખર નડતરરૂપ જણાયેલ છે, તે બાબત ને ભૌગોલીક સ્થિતી સાથે વાસ્તવિક રીતે સરખાવી – ખરેખર નડતર ની બાબત સ્પષ્ટ કરી – અને તે મુજબ ખરેખર નડતરરૂપ થાંભલો તેમજ ધાય વાયર, જે ખરેખર તાંત્રીક રીતે યોગ્ય અને અનુકુળ એવી જગ્યા પર ખસેડવાની તમામ જગ્યાઓને નજરસમક્ષ રાખીને – અને તેવી ખાસ કરીને, ફરીયાદી પક્ષકાર અને પીજીવીસીએલ ને અનુકુળ એવી જગ્યા પર – સકારાત્મ અભિગમ સાથે, સદર ફરીયાદી કેઈસ મા, ''અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ '' ખરેખર નડતા થાંભલા / ધાય વાયર ને તાંત્રીક રીતે યોગ્ય શકયતા વાળી જગ્યા પર ખસેડવા સબબ ની કામગીરી આનુષાંગીક એવા ખર્ચ નુ – અરજદાર શ્રી ને નવેસર થી ભાવપત્રક આપી – જેની રકમ ભરપાઈ થયેથી – ખરેખર નડતરરૂપ થાંભલો / ધાય વાયર ખસેડી અને અરજદાર ની ફરીયાદ નુ – અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ – પીજીવીસીએલ ની કાર્યપાલક ઈજનેર શ્રી ની અંગતપણા ની કક્ષાએથી નિરાકરણ કરી અને તે મુજબ નો અહેવાલ, દિન–૧૫ મા રજુ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો , સદર કેઈસ મા |

| | |
|---|---|
| | ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૪ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની સદર ફરીયાદ નુ, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ – પીજીવીસીએલ ની કાર્યપાલક ઈજનેર શ્રી ની અંગતપણા ની કક્ષાએથી, દિન–૧૫ મા નિરાકરણ કરી અને તે મુજબ નો અહેવાલ, ફોરમ કમિટી સમક્ષ રજુ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.મીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયના મળ્યા પછીના ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સામે લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાકીય બાબત સંબંધ હોય તો, સદર રકમ ઉપર રકમ પીજીવીસીએલમાં જમા કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં કરવો જરૂરી છે.